આજ તારીખ: ૨૯ મી માહે નવેમ્બર સને ૨૦૦૬.

શહેર સુરતના વરાછા રોડ ઉપર આવેલી વોર્ડ નવાગામના સીટી સરવે નંબર– ૧૧૯૮ તથા ૧૨૮૮ પૈકીની જમીન ઉપર બાંધવામાં આવેલી "પટવા કોલોની" નામથી ઓળખાતી ઈમારતમાં પહેલા માળે આવેલી રૂમ નંબર: ૨ વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ.

# વેચાણ દસ્તાવેજ

ગોધાણી જેમ્સ.

ખરીદનાર.

કલ્યાણ એન્ટરપાઈઝ એક ભાગી. પેઢી.

વેચનાર.

NOTARY
NAROTTAM M. BADRESHIA
SURAT CITY & DISTRICT (Gujarat)
GOVT. OF INDIA

દસ્તાવેજ તારીખ: ૨૯/૧૧/૨૦૦૬

દસ્તાવેજ નોંધણી નંબર: ૧૫૫૩૦

દસ્તાવેજ નોંધણી તારીખ: ૨૯/૧૧/૨૦૦૬

સ્ટેમ્પ ડયુટી રૂા. ૯૩૧૦૦/–

રજીસ્ટ્રેશન ફી રૂા.

L. G. LAIWALA
HITESH LAIWALA
MAHARSHI LAIWALA
ADVOCATES & TAX CONSULTANTS

55-57, RIVER PALACE, OLD CIVIL COURT RD.
NANPURA, SURAT - 395 001.
PH. (0261) 2474401, 2470322.

18E-03-6221-0-002
18E-03-6221-0-001

भारतीय गैर न्यायिक

10000 रु. Rs.10000

दस हज़ार रुपये

RUPEES TEN THOUSAND

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

गुजरात GUJARAT 163791

ર.જી.ન. ૧૩૫૦ તા. ૨૭/૧૧/૨૦૦૬ નામ
માલીજીબેન બ્રિજેશકુમાર કણીયા ઠેકાણું:
બેગમપુરા ભુલામોદીનો ચકલો. સુરત નાં
સ્ટાંમ્પ વેન્ડર જ. સ્ટાં. લા.નં. : ૮/૮૮
કોર્ટ ફી લા. નં. : ૮/૮૮
સહી.

હસ્તક :

CRT /3/NGM
15 5 30
2006

NOTARY
NAROTTAM M. BADRESHIA
SURAT CITY & DISTRICT (Gujarat)
GOVT. OF INDIA



વેચાણ દસ્તાવેજ રૂ.૨,૧૯,૦૦૦/- પુરાનો.

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

एक हजार रुपये ONE THOUSAND RUPEES

रु.1000 Rs.1000

सत्यमेव जयते

INDIA

गुजरात GUJARAT

A 320680

ક્ર.નં.૧૬૪૬૦૭ તા.૨૭/૧૧/૨૦૦૬ નામ: ગોધાણી જેમ્સ
શ્રીલીનીબેન બીલેશકુમાર કણીયા ઠેકાણું: કવારગામ, સુરત
પ્રેમપુરા ભુલામોદીનો ચકલો. સુરત નાં
સ્ટાંમ્પ વેન્ડર જ. ... લા.નં. : ૯/૮૮
કોર્ટ ફી લા. નં. : ૮/૮૯ હસ્તક: રાજેશભાઈ શાંખ
સહી. ____ સહી:

SRT /3/NGM

15 5 30 2

14

2006

સંવત ૨૦૬૩ ના માગશર સુદ નોમ ને વાર બુધ

તારીખ ૨૯ મી માહે નવેમ્બર સને ૨૦૦૬ ના અંગ્રેજી દિને:

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

एक हजार रुपये

ONE THOUSAND RUPEES

रु.1000

Rs.1000

सत्यमेव जयते

INDIA

गुजरात GUJARAT

A 320681

રજી.નં. ૧૩૬૦૬ તા. ૨૭/૧૧/૨૦૦૬ નામ: શાલીનીબેન બીલેશકુમાર કણીયા ઠેકાણું:
બેગમપુરા ભુલાભોઈનો ચકલો, સુરત નાં
સ્ટાંમ્પ વેન્ડર જ. રજી. લા.નં. : ૮/૮૮
કોર્ટ ફી લા. નં. : ૮/૮૯ હસ્તક :
સહી. : એમ. બી. કણીયા સહી. :

ગોધાણી જેમ્સ
કતારગામ, સુરત
રમેશભાઈ ગોધાણી

SRT /3/NGM

15 5 30 3/14

2006

<u>તમો ખરીદનાર</u> :

ગોધાણી જેમ્સ એક ભાગીદારી પેઢી, ધંધો વેપાર, ઠેકાણું: પટવા કોલોની, વરાછા રોડ, સુરતના તરફે અને વતી ભાગીદારઃ રમેશભાઈ વિરજીભાઈ ગોધાણી, જાતના હિંદુ, ઉ.આ.વ. ૩૧, ધંધો વેપાર, રહેવાસીઃ ૨૩૧–૩૬, પજવા ફળીયુ, ગોટાલાવાડી, કતારગામ, સુરત.

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

एक हजार रुपये ONE THOUSAND RUPEES

रु.1000 Rs.1000

सत्यमेव जयते

INDIA

गुजरात GUJARAT

A 320682

ક્ર.નં. [illegible] તા. [illegible] નામ:
માલીનીબેન બીલેશકુમાર કણીયા ઠેકાણું:
બેગમપુરા ભુલાભોડીનો ગકલો, સુરત નાં
સ્ટાંમ્પ વેન્ડર [illegible]
હસ્તક :
કોર્ટ ફી લા. નં. : [illegible]
સહી :
સહી. : [illegible]

[illegible]

SRT /3/NGM
15 5 30 4/14
2006

જોગ લી. અમો વેચાણ આપનાર :

કલ્યાણ એન્ટરપ્રાઈઝ, એક ભાગીદારી પેઢી, તરફે અને વતી ભાગીદારો:

૧. ભુપેન્દ્ર જગમોહનદાસ પટવા, જાતના હિંદુ, ઉ.આ.વ.૬૩, ધંધો વેપાર, રહેવાસીઃ બી/૧૪, તિરૂપતિનગર, રાજહંસ સિનેમાની પાછળ, પીપળોદ, સુરત.

भारतीय गैर न्यायिक

एक सौ रुपये

Rs. 100

रु. 100

ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

C 608487

માલીનીબેન બીલેશકુમાર કણીયા ઠેકાણું:
બેગમપુરા ભુલામોદીનો ચકલો, સુરત નાં
સ્ટાંપ વેન્ડર જ. સ્ટાં. લા.નં. : ૯/૮૮
કોર્ટ ફી લા. નં. : ૮/૮૯
હસ્તક :
સહી. :
સહી :

SRT /3/NGM
15 5 30 5/14
2006

THE SUB REGISTRAR

૨. ગીતાબેન ચંદ્રકાંત પટવા, જાતના હિંદુ, ઉ.આ.વ. ૫૯, ધંધો ઘરકામ, રહેવાસી: અનમોલ કોમ્પલેક્ષ, રાધેનગરની પાસે, સુરત–ડુમસ રોડ, સુરત.

SRT /3/NGM
15 5 30 6/14
2006

૩. દર્શન ભુપેન્દ્ર પટવા, જાતના હિંદુ, ઉ.આ.વ.૩૨, ધંધો વેપાર, રહેવાસી: બી/૧૪, તિરૂપતિનગર, રાજહંસ સિનેમાની પાછળ, પીપળોદ, સુરત.

તથા અમો કન્ફર્મીંગ પાર્ટી :

૧. શામજીભાઈ પોપટભાઈ પટેલ, જાતના હિંદુ, ઉ.આ.વ. ૬૯, ધંધો વેપાર, રહેવાસી: ૪૩, હંસ સોસાયટી, વરાછા રોડ, સુરત.

૨. મનુભાઈ મોહનભાઈ પટેલ, જાતના હિંદુ, ઉ.આ.વ. ૪૯, ધંધો વેપાર, રહેવાસી: હરીહર સોસાયટી, કતારગામ રોડ, સુરત.

જત અમો આ વેચાણ દસ્તાવેજથી અમારી સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા વહીવટની શહેર સુરતના વોર્ડ નવાગામ, સીટી સરવે નંબર: ૧૧૯૮ થી નોંધાયેલી આશરે ૬૩૭.૨૪ સમચોરસ મીટર જમીન તથા ૧૨૮૮ થી નોંધાયેલી ૩૮૫.૪૪ સમચોરસ મીટર જમીનમાં પ્રમાણસર ૧/૪ હીસ્સાની જમીન પર સંયુક્ત રીતે કરવામાં આવેલા બાંધકામ પૈકી પહેલા માળે રૂમ નંબર– ૨ વાળી ૫૯ ફૂટ ૬ ઈંચ × ૨૧ ફૂટ ૫ ઈંચ માપ વિસ્તારની મળી કુલ ૧૨૭૦.૫ સમચોરસ ફુટ ક્ષેત્રફળ વાળી મિલકત જેને હવે પછી આ દસ્તાવેજમાં "સદરહુ મિલકત" તરીકે સંબોધવામાં આવી છે અને જેનું વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં આપેલું છે તે મિલકત તમોને રૂા.૧,૯૬,૯૨૫/– અંકે રૂપિયા એક લાખ છન્નું હજાર નવસો પચ્ચીસ પુરાના કિંમતી અવેજ બદલ વેચાણ આપીએ છીએ સહી. અને અમો કન્ફર્મીંગ પાર્ટી રૂા.૨૨,૦૭૫/– અંકે રૂપિયા બાવીસ હજાર પચ્ચોતેર પુરાના કિંમતી અવેજ બદલ આ દસ્તાવેજ કબુલ રાખીએ છીએ સહી.

સદરહુ મિલકત શહેર સુરતના વરાછા રોડ વિસ્તારમાં આવેલી વોર્ડ નવાગામ, સીટી સરવે નંબર: ૧૧૯૮ થી નોંધાયેલી ૬૩૭.૨૪ સમચોરસ મીટર ક્ષેત્રફળ વાળી મિલકત તે ઉપર આવેલા જૂના બાંધકામ સાથે મૂળ ભુપેન્દ્ર જગમોહનદાસ પટવાની માલીકીની હતી. ભુપેન્દ્ર જગમોહનદાસ પટવા અને ગીતાબેન ચંદ્રકાંત પટવા એ તારીખ: ૪/૨/૧૯૮૭ ના રોજ ભાગીદારી લેખની રૂએ મેસર્સ કલ્યાણ એન્ટરપ્રાઈઝ ના નામથી ભાગીદારી પેઢી શરૂ કરેલી અને તે ભાગીદારીના લેખમાં જણાવેલી વિગતે ભુપેન્દ્ર જગમોહનદાસ પટવા એ પોતાની માલીકીની ઉપરોક્ત

SRT /3/NGM

15 5 30 7/14

2006

મિલકત તેમજ વોર્ડ નવાગામ, સીટી સરવે નંબરઃ ૧૨૮૮ વાળી સહીયારી માલીકીની મિલકત પૈકીનો વગર વહેંચાયેલો ૧/૪ હીસ્સો પેઢીમાં મૂડી રોકાણ તરીકે સોંપેલો અને મિલકતનો કબજો પણ પેઢીને સોંપેલો. ત્યારથી ઈન્ડીયન પાર્ટનરશીપ એકટ ની કલમ ૧૪ એ આધિન સદરહુ મિલકત પેઢીની મિલકત થયેલી અને પેઢીની મિલકત ગણાતી આવેલી. સદરહુ મિલકતમાં પહેલા માળ પર આવેલ રૂમ નંબરઃ ૨ વાળી મિલકત અમે કન્ફર્મીંગ પાર્ટીને વેચાણ આપવાનું કબુલ કરેલું અને તેઓ જે નામે વેચાણ દસ્તાવેજ કરી આપવાનું જણાવે તે નામે વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે સંમતી આપેલી. કન્ફર્મીંગ પાર્ટીએ આપેલી સૂચના પ્રમાણે આ દસ્તાવેજ તમો ખરીદનારની તરફેણમાં કરી આપવામાં આવ્યો છે.

આ મુજબ સદરહુ મિલકત અમારી સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબ્જા વહીવટની છે અને અમોને તેની હરકોઈ પ્રકારે વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર છે. સદરહુ મિલકતની અમોએ આ અગાઉ ગીરો, વેચાણ, બક્ષીસ, ભાડે કે અન્યથા વ્યવસ્થા કરી કરાવી નથી કે તે કોઈને વેચાણ યા અન્યથા આપવાનું લેખિત કે મૌખિક કબુલ્યું નથી. સદરહુ મિલકત પર કોઈનું કરજ યાને લીયન કે બોજો નથી કે તે કોઈ કોર્ટની જપ્તી, ટાંચ કે મનાઈમાં નથી. મજકુર મિલકત દિવાની કે રેવન્યુ અદાલતના કોઈ પ્રકરણમાં સંડોવાયેલી નથી કે તે કોઈ કોર્ટના પ્રકરણમાં દાવાનો વિષય નથી. સદરહુ મિલકત અંગે અમે કોઈ ટ્રસ્ટ યા સેટલમેન્ટ કર્યું કરાવ્યું નથી કે તે કોઈના જામીન થઈને જામીનગીરીમાં લખી આપી નથી. સદરહુ મિલકત અમે કોઈને ઈકવીટેબલ મોરગેજમાં પણ આપી નથી કે કોઈ સાથે ભાગીદારી કરીને મૂડી રોકાણ તરીકે સોંપી નથી. સદરહુ મિલકત પર કોઈનો ખોરાકી પોષાકી કે રહેઠાણનો બોજો નથી કે તે ઉપર સરકારી લેણા જેવા કે ઈન્કમ ટેક્ષ, સેલ્સ ટેક્ષ વિગેરેનો બોજો નથી. સદરહુ મિલકત પર સરકારી, અર્ધ સરકારી કે સ્થાનિક સંસ્થાનું એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશન નથી કે તે મતલબની કોઈ નોટીશ અમોને બજાવવામાં આવી નથી. ટૂંકમાં સદરહુ મિલકત અંગે અમારો કોઈ ગીરોદાર, દાવેદાર, હીસ્સેદાર કે બીજી કોઈ રીતનો હકક કરનાર કોઈ નથી અને અમોને સદરહુ મિલકતની હરકોઈ પ્રકારે વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર છે તેવો તમોને વિશ્વાસ અને ભરોસો આપીને અમે આ દસ્તાવેજ કરી આપ્યો છે, તેમ છતાં જો કોઈ ભવિષ્યમાં સદરહુ મિલકત પર

SRT /3/NGM
15 5 30 8/14
2006

અમારા થકી કાંઈપણ હકક કરે તો તેનું જોખમ અમારા શીરે છે અને તે અમારે અમારા ખર્ચે દુર કરાવી આપવા સહી. તેમ છતાં જો તેવા કોઈ હકક યા પ્રકરણના કારણે તમોને કે તમારા વંશ વાલી વારસોને કાંઈ પણ ખર્ચ અને નુકસાન થાય તો તે અમારે તથા અમારા વંશ વાલી વારસોએ ભરપાઈ કરવું સહી. હવે સદરહુ મિલકત પર અમારે કે અમારા થકી હરકોઈએ કાંઈપણ હકક કરવા નહી અને કરીએ તો તે આ લખાણથી રદબાતલ ગણાય સહી.

આ દસ્તાવેજના અવેજના રૂા.૨,૧૯,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ ઓગણીસ હજાર પુરા પૈકી રૂા.૧,૯૬,૯૨૫/- અમો વેચાણ આપનારાના હીસ્સાના છે અને બાકી રૂા.૨૨,૦૭૫/- અમો કન્ફર્મીંગ પાર્ટીના હીસ્સાના છે. અમો વેચાણ આપનારા તથા કન્ફર્મીંગ પાર્ટીને અમારા હીસ્સા મુજબની રકમ ચુકતે મળેલી છે, જે મળ્યા બદલની અમો દરેક આથી પહોંચ સ્વીકારીએ છીએ. ભવિષ્યમાં અવેજ ન મળ્યાની કે ઓછો મળ્યાની અમારે કોઈ તકરાર કરવી નહી અને કરીએ તો તે આ લખાણથી રદબાતલ ગણાય સહી. સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો તમોને સોંપી દેવામાં આવેલો છે. *આ દસ્તાવેજની રૂએ તમો સદરહુ મિલકતના સ્વતંત્ર માલીક અને* પ્રત્યક્ષ કબજા વહીવટદાર થયા છો.

વોર્ડ નવાગામ, સીટી સરવે નંબરઃ ૧૨૮૮ વાળી જમીન પેસેજ સ્વરૂપ ની મિલકત છે. વોર્ડ નવાગામ સીટી સરવે નંબરઃ ૧૧૯૯ તથા ૧૨૦૦ તથા ૧૨૦૧ ની મિલકતના માલીકોએ પોત પોતાની મિલકત ઉપર જે બાંધકામ કર્યા છે તે બાંધકામમાં જઈ આવી શકાય તે માટે સીટી સરવે નંબરઃ ૧૨૮૮ વાળી ત્રણે મિલકતોના માલીકોની સહીયારી મિલકતમાં સહીયારા માલીકી અને કબજા વપરાશના હકકો રાખવામાં આવ્યા છે તે અનુસાર ૨૩ ફૂટ પોહળાઈની પેસેજ વાળી મિલકતમાં અમારા ઉપરાંત બાજુના સીટી સરવે નંબરના માલીકો તથા તેમની મિલકતના કબજેદારોના સહીયારા કબજા વપરાશનો હકક છે તે હકકને આધિન સદરહુ પરિશિષ્ટમાં જણાવેલી મિલકત અમે તમોને વેચાણ આપી છે સહી. તેથી તમો પણ સદરહુ પેસેજની જગ્યામાં થઈને જવા આવવા તથા માલ સામાન લઈ જવા લાવવાને હકકદાર રહેશો. પરંતુ પેસેજની મિલકતમાં કોઈપણ કાયમી કે હંગામી રોકાણ થઈ શકે નહી કે તેમાં કાચું પાકું બાંધકામ કરી અંતરાય, અવરોધ કરી શકાય નહી. વધુમાં માત્ર પહેલા માળે રૂમ નંબરઃ ૨ ની

SRT /3/NC
15 5 30 9/14
2006

મિલકત તમોને વેચાણ આપવામાં આવી છે તે સિવાય બીજા કોઈ ભાગ ઉપર તમારા માલીકી હકક કે કબજા વપરાશના હકકો આપવામાં આવ્યા નથી. દુકાનની ત્રણે તરફની દિવાલો કોમન પાર્ટીશન વોલ છે અને તેથી તમારે તે દિવાલમાં તોડફોડ કરવી નહી કે તે દિવાલમાં કોઈપણ નુકશાન કરવાનું નથી. વધુમાં અમો સદરહુ મિલકતની ઉપર માળના ભાગે વધારાનું બાંધકામ કરવા હકકદાર રહેશું અને તેમાં તમારાથી કોઈ વાંધો લઈ શકાશે નહી અને વાંધો લો તો તે આ લખાણથી રદબાતલ ગણાય સહી. ભોંયતળિયાની દુકાન સાથે તમોને હાલની તથા ભવિષ્યમાં બાંધવામાં આવે તેવી મિલકત નીચે આવેલ જમીનમાં કુલ બાંધકામના સાથેના પ્રમાણમાં વગર વહેંચાયેલો પ્રમાણસર હીસ્સો રહેશે. તે સિવાય સદરહુ મિલકત પર કોઈના જવા આવવાના, હવા ઉજાસના, પાણીના નિકાલના કે બીજી કોઈપણ રીતના ઈઝમેન્ટના હકકો નથી.

આ દસ્તાવેજની રૂએ તમો સદરહુ મિલકતના સ્વતંત્ર માલીક થતા હોવાથી મજકુર મિલકતની પોતાની મરજીમાં આવે તે મુજબ હરકોઈ પ્રકારે વહીવટ વ્યવસ્થા કરવા માલીક મુખત્યાર છો સહી. સદરહુ મિલકતને લગતા તમામ વેરા, જમીન મહેસુલ, શિક્ષણ ઉપકર, વિશેષધારો, આઉટગોઈંગ્સ તથા સરકારી લેણાના ડયુઝ ભરપાઈ થયેલા હતા અને તે પછીના વેરા વગેરે તમે ભરતા આવેલા છો. હવે પછીના મજકુર મિલકતને લગતા તમામ વેરા વિગેરે ભરવાની જવાબદારી પણ તમો ખરીદનારના શીરે છે. આ દસ્તાવેજની રૂએ તમો સદરહુ મિલકત સરકારી અર્ધ સરકારી તથા સ્થાનિક સંસ્થાના રેકર્ડ ઉપર સીટી સરવે કચેરીના રેકર્ડ ઉપર તથા મ્યુનીસીપલ દફતરે તમારા નામે દાખલ કરાવી શકો સહી અને તે માટે અમારી સહી સંમતી કબુલાત અમારે આપવી સહી અને તેવી સંમતી અને કબુલાત ગણી લેવાય સહી.

## વેચાણ આપેલી મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના વરાછા રોડ પર આવેલી સીટી સરવે મુજબ વોર્ડ નવાગામ ના સીટી સરવે નંબરઃ ૧૧૯૮ થી નોંધાયેલી આશરે ૬૩૭.૨૪ સમચોરસ મીટર જમીન તથા ૧૨૮૮ થી નોંધાયેલી ૩૮૫.૪૪ સમચોરસ મીટર જમીનમાં પ્રમાણસર ૧/૪ હીસ્સાની જમીન પર સંયુકત રીતે કરવામાં આવેલા બાંધકામ પૈકી પહેલા માળે આવેલ રૂમ નંબરઃ ૨ વાળી ૫૯ ફૂટ

SRT /3/NGM

15 5 30. 10/14

2006

૬ ઈંચ × ૨૧ ફૂટ ૫ ઈંચ માપ વિસ્તારની આશરે ૧૨૭૦.૫ સમચોરસ ફૂટ યાને ૧૧૮.૦૮ સમચોરસ મીટર ક્ષેત્રફળ વાળી મિલકત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સાથે તથા સમગ્ર ઈમારત નીચે આવેલી જમીનમાં કુલ બાંધકામ સાથેના પ્રમાણમાં ફાળે પડતા અવિભાજ્ય હીસ્સા સાથે દરોબસ્ત.

સદરહુ મિલકતની હાલની બજાર કિંમત રૂા.૨,૧૯,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ ઓગણીસ હજાર પુરાની છે તેથી આ વેચાણ દસ્તાવેજ રૂા.૧૩,૧૦૦/– પુરાના જનરલ સ્ટાંપ પર કરવામાં આવ્યો છે. સ્ટાંપ ડયુટી, રજીસ્ટ્રેશન ફી તથા વકીલ ફી તમો ખરીદનારના શીરે છે. ભવિષ્યમાં વધારાની સ્ટાંપ ડયુટી ભરવાની થાય તો તે પણ તમો ખરીદનારે ભરવાની રહેશે. સદરહુ મિલકતને લગતા જુના દસ્તાવેજો તથા હકક દર્શક પુરાવાઓ તમોને સોંપી દીધા છે.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમે અમારી રાજીખુશીથી અકકલ હોંશીયારી અને બીનકેફમાં વાંચી, વંચાવી, સમજીને કોઈના કોઈપણ જાતના દાબ દબાણ વગર સ્વેચ્છાએ કરી આપ્યો છે જે અમોને તથા અમારા વંશ વાલી વારસોને તમામ રીતે કબુલ મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે ———————— મતુ તત્રે ———————— શાખ.

કલ્યાણ એન્ટરપ્રાઈઝ, એક ભાગીદારી પેઢી,
તરફે અને વતી ભાગીદારો:

(ભુપેન્દ્ર જગમોહનદાસ પટવા)

(ગીતાબેન ચંદ્રકાંત પટવા)

(દર્શન ભુપેન્દ્ર પટવા)

(શામજીભાઈ પોપટભાઈ પટેલ)

(મનુભાઈ મોહનભાઈ પટેલ)

/3/RGM

15 5 30 11/14

2006

<u>ખરીદનાર, વેચનાર તથા કન્ફર્મીંગ પાર્ટીના નામની યાદી</u>

<u>ખરીદનાર</u>

ગોધાણી જેમ્સ એક ભાગીદારી પેઢી,

તરફે અને વતી ભાગીદાર

રમેશભાઈ વિરજીભાઈ ગોધાણી



<u>વેચનાર</u>

કલ્યાણ એન્ટરપ્રાઈઝ, એક ભાગીદારી પેઢી,
તરફે અને વતી ભાગીદારોઃ



ભુપેન્દ્ર જગમોહનદાસ પટવા

ગીતાબેન ચંદ્રકાંત પટવા



દર્શન ભુપેન્દ્ર પટવા



<u>કન્ફર્મીંગ પાર્ટી</u>

શામજીભાઈ પોપટભાઈ પટેલ





મનુભાઈ મોહનભાઈ પટેલ

અનુક્રમ નંબર ૧૫૫૩૦
સને ૨૦૦૬ ના નવેમ્બર મારાની
૨૯ મી તારીખે ૩ થી ૪
વાગ્યાની વચ્ચે સુરત-૩ (નવાગામ) સબ
રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યા.

| | |
|---|---|
| પહોંચ નંબર :- ૪૪૩૯૪૫૬ | |
| ફી પહોંચી છે તે | રુ. પૈસા. |
| નોંધવાની ફી :- | ૩૩૬૦ |
| ફોટો ફી પાનના( ૧૪ ):- | ૧૪૦ |
| ટપાલ :- | ૦ |
| એકંદરે કુલ :- | ૩૫૦૦ |

( અંકે રુપિયા ત્રણ હજાર પાંચસો પુરા. )




ભુપેન્દ્ર જગમોહનદાસ પટવા
કલ્યાણ એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીના
ભાગીદાર ભુપેન્દ્ર જગમોહનદાસ પટવા

SRT/3/NGM
15 5 30 12/14
2006

( એમ.એસ.જેઠવા )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

( એમ.એસ.જેઠવા )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

| પક્ષકારનું નામ અને સરનામુ | ઉંમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|
| આપનાર<br>૧. કલ્યાણ એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીના ભાગીદાર ભુપેન્દ્ર જગમોહનદાસ પટવા (વેપાર)<br>રાજહંસ સીનેમાની પાછળ,<br>પીપળોદ, સુરત | ૬૩ |  |  | ભુપેન્દ્ર જગમોહનદાસ પટવા |
| ૨. કલ્યાણ એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીના ભાગીદાર ગીતાબેન ચંદ્રકાંત પટવા (ઘરકામ)<br>જેમોલ કોમ્પલેક્ષ,<br>ધુસે રોડ, સુરત | ૫૯ |  |  | ગીતાબેન ચંદ્રકાંત પટવા |
| ૩. કલ્યાણ એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીના ભાગીદાર દર્શન ભુપેન્દ્ર પટવા (વેપાર)<br>એજનના.. | ૩૨ |  |  | [signature] |
| સંમતી આપનાર<br>૪. શામજીભાઈ પોપટભાઈ પટેલ (વેપાર)<br>૪૩, હંસ સોસાયટી,<br>વરાછા રોડ, સુરત | ૬૯ |  |  | [signature] |
| ૫. મનુભાઈ મોહનભાઈ પટેલ (વેપાર)<br>એજનના.. | ૪૯ |  |  | મનુભાઈ મોહનભાઈ પટેલ |

દસ્તાવેજ લખી આપનાર
આ દસ્તાવેજ લખી
આપ્યાનું કબુલ કરે છે.

૧. પ્રકાશ એમ. ચૌધરી (વકીલ ના કર્લાક)
નાનપુરા, સુરત

જેમને સબ-રજિસ્ટ્રાર ઓળખે છે, તેઓ
કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે
ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે.

૧. ______

તારીખ ૨૯ માહે નવેમ્બર - ૨૦૦૬

( એમ.એસ.જેઠવા )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

બજાર કિંમત નકકી કરવા અંગેનું
ફોર્મ નં.૧ રજુ થયેલ છે.
તા. ૨૯/૧૧/૨૦૦૬

( એમ.એસ.જેઠવા )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

SRT /3/NGM
16 5 30 13/14
2006

## પ્રમાણ પત્ર

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ( મિલ્કતની બજાર કિંમત નકકી કરવા બાબતના નિયમો - ૧૯૮૪ )ના નિયમ-૩ (૨) હેઠળ આપવામાં આવેલ ઈન્ટીમેશન નોટીસ ક્રમાંક/દ.નં. ૧૫૫૩૦ તારીખ ૨૯/૧૧/૨૦૦૬ મુજબ ખુટતી સ્ટેમ્પ ડયુટી રુ. ૧૫૮૧૨ અંકે રુપિયા પંદર હજાર આઠસો બાર પુરા.
પાવતી નંબર ૪૪૩૯૪૧૨ તારીખ ૨૯/૧૧/૨૦૦૬ થી ભરપાઇ કરેલ છે.

( એમ.એસ.જેઠવા )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

| | |
|---|---|
| ૧ નંબરની બુકના ૧૫૫૩૦ | નંબરે નોંધ્યો |
| તા.૨૯/૧૧/૨૦૦૬ | |

( એમ.એસ.જેઠવા )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

NOTARY NAROTTAM M. BADRESHIA SURAT CITY & DISTRICT (Gujarat) Reg.No.8685 GOVT. OF INDIA

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-3 (NAVAGAM)

SRT /3/NGM
15530 14/14
2006

ATTESTED COPY
(NAROTTAM M. BADRESHIA)
NOTARY